આકાશવાણી, અમદાવાદ

03-06-2026 Midday: 2.30 to 2.35pm

WEDNESDAY Regional News

## CABINET MEETING GNR

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગામી પ્રવાસ, કેન્દ્રમાં મોદી સરકારના 12 વર્ષના શાસન અંગે યોજાનારા કાર્યક્રમ, રાજ્યમાં વાવેતરની મોસમમાં ખાતર તેમજ ઈંધણના પૂરવઠાની સ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી. ઉપરાંત શાળા પ્રવેશોત્સવ, કૃષિ મહોત્સવ જેવા કાર્યક્રમ, ચોમાસું શરૂ થતાં વિવિધ વિભાગની તૈયારી અને રાજ્ય સરકારના આગામી આયોજન તથા નીતિગત વિષય અંગે ચર્ચા કરવામાં આવી.

આ સાથે જ મંત્રીમંડળની બેઠકમાં વડોદરાના માંજલપુરના ધારાસભ્ય સ્વર્ગીય યોગેશ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

## BANGLADESHI INFILTRATOR IN STATE

રાજ્યભરમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશના નાગરિકોની પોલીસ દ્વારા શોધખોળ કરવામાં આવી રહી છે. તે અંતર્ગત અમદાવાદમાં 300 જેટલા શંકાસ્પદ નાગરિકોની અટકાયત કરવામાં આવી. તેમાંથી 166 જેટલા બાંગ્લાદેશના નાગરિક હોવાનું જણાયું છે. આ તપાસ અભિયાન આગળ પણ યથાવત્ રહેશે તેમ અમદાવાદના સંયુક્ત પોલીસ કમિશનર શરદ સિંઘલે જણાવ્યું.

કચ્છમાં પણ પોલીસ દ્વારા વિવિધ વિસ્તારમાં શંકાસ્પદ હિલચાલ ધરાવતા લોકોની ઓળખ અને તપાસ કરવામાં આવી હતી. પોલીસે અત્યાર સુધી ગેરકાયદે રહેતા 115 જેટલા શંકાસ્પદ બાંગ્લાદેશના નાગરિકોની અટકાયત કરી. આ તમામ લોકોના દસ્તાવેજ અને ઓળખ અંગે તપાસ હાથ ધરાઈ છે.

જ્યારે ભરૂચમાં જિલ્લા SOG અને સ્થાનિક પોલીસની 50થી વધુ ટીમે વિવિધ વિસ્તારમાં સંયુક્ત તપાસ કરી શંકાસ્પદ લોકોની ઓળખ અને તેમના દસ્તાવેજની ચકાસણી કરી.

## DANG LAKHPATI DIDI

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારને 12 વર્ષ પૂર્ણ થયા છે. અત્યાર સુધી અનેક યોજનાઓથી અનેક લોકોના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. આવી જ એક લખપતિ દીદી યોજનાથી ઘણી મહિલાઓ પણ આત્મનિર્ભર બની છે. ત્યારે ડાંગ જિલ્લામાં આ યોજના હેઠળ 739 જેટલા સ્વસહાય જૂથને 18 કરોડ 47 લાખ રૂપિયાથી વધુનું સ્ટાર્ટઅપ ભંડોળ પૂરું પડાયું છે. જિલ્લાનાં લખપતિ દીદી યોગીતાબેનનો પ્રતિભાવ સાંભળીએ.

## NAVSARI HOUSE NOTICE

નવસારીમાં મહાનગરપાલિકા દ્વારા ચોમાસા પહેલા 100 ભયજનક મકાનના માલિકોને વહીવટી નોટિસ અપાઈ. તે અંતર્ગત જર્જરિત બાંધકામને સ્વેચ્છાએ દૂર કરવા અથવા તેનું તાત્કાલિક યોગ્ય સમારકામ કરાવવા સૂચના અપાઈ છે. નિયતમર્યાદામાં કોઈ પગલાં નહીં લેવાય તો મહાપાલિકા દ્વારા ભયજનક માળખા તોડી પડાશે. ચોમાસામાં કોઈ હોનારત ન થાય તે માટે એસ્ટેટ વિભાગ દ્વારા 129 જેટલી જોખમી ઈમારતોનો સરવે કરાયો હતો.

## WORLD CYCLE DAY

આજે ત્રીજી જૂનને વિશ્વ સાયકલ દિવસ તરીકે મનાવવામાં આવી રહ્યો છે. ત્યારે આજે વલસાડમાં માય ભારત વલસાડ અને સાયકલચાલકોના એક સમૂહ દ્વારા સાઈકલ યાત્રા યોજી લોકોને નશામુક્તિનો સંદેશ અપાયો. તેમજ કોઈ પણ પ્રકારના કેફી પદાર્થનું સેવન ન કરવા લોકોને અપીલ કરવામાં આવી. આ અંગે માહિતી આપતા ધારાસભ્ય ભરત પટેલે લોકોને ચારથી પાંચ કિલોમીટરના અંતર માટે સાયકલનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો.

ગત બે સદીઓથી કરોડો લોકોના જીવનને ગતિ આપી રહેલી સાયકલનું મહત્વ આજે પણ અકબંધ છે. તેને જોતા સુરેન્દ્રનગરમાં પણ દરરોજ અંદાજે 50થી 60 અને સમગ્ર વર્ષ દરમિયાન 18 હજારથી વધુ સાયકલનું વેચાણ થઈ રહ્યું છે.

## MEHSANA GST INCOME

મહેસાણામાં વસ્તુ અને સેવા કર – GST વિભાગને 270 કરોડ રૂપિયાથી વધુ રૂપિયાની આવક થઈ છે. આ વખતે મહેસાણા ડિવિઝનની આવકમાં 12.4 ટકાનો વધારો થયો છે. વિસનગર, વિજાપુર, કડી, પાલનપુર, ડીસા, ઊંઝા અને સિદ્ધપુર ઘટકમાં વિવિધ 60 હજાર 366 જેટલા કરદાતાઓ આ એકમમાં નોંધાયેલા છે.